તાન્યાનો પુનર્મિલન સમારોહ

તાન્યાનો પુનર્મિલન સમારોહ

'નાની માઁ ની રજાઈ' નો ઉત્તરાર્ધ

વર્જિનિયાના જે ફાર્મમાં એની નાની મોટા થયા હતા, ત્યાં જવા તાન્યા બહુ ઉત્સુક છે. થોડા સમયમાં આયોજિત થનારા પરિવારના પુનર્મિલન સમારોહની તૈયારી કરવામાં એને ખૂબ મજા આવશે - પુસ્તકો અને પત્રિકાઓમાં છપાયેલા ફોટા જોઈને એને વિશ્વાસ છે કે ફાર્મમાં જોવા અને કરવા માટે ઘણું હશે.

પણ આરંભમાં એ જૂના ફાર્મમાં એને એવું કંઈ દેખાયું નહીં જે એણે કરેલા અનુમાન જેવું હોય. પણ પછી ફાર્મને જોવા અને સમજવામાં નાનીએ એની મદદ કરી. નાનીને એ બધા લોકોના સ્મરણ હતા જેણે એ ફાર્મ બનાવ્યો હતો અને એને ખેડયો હતો. પછી તાન્યાએ એનું દિલ એ બધા રોમાંચક અનુભવો માટે ખોલી નાખ્યું જે ફાર્મના દરેક ખૂણામાં એની રાહ જોતા હતા. એણે એક એવી વસ્તુ પણ શોધી જેનાથી નાની પણ ચોંકી ગયા.

'નાની માઁ ની રજાઈ' ના પ્રિય પાત્રોને લઈને લખાયેલી આ હૃદયસ્પર્શી વાર્તા આપણને સ્મરણ કરાવશે કે જીવનની સૌથી સારી વાર્તાઓ આપણા પરિવારના ઇતિહાસમાં જ હોય છે.

તાન્યાનો પુનર્મિલન સમારોહ



શનિવારનો દિવસ હતો. ભઠ્ઠીમાં પકાવવાનો દિવસ. નાનીનો એક વિશેષ દિવસ. તાન્યાએ બ્રેડ-પુડિંગનો છેલ્લો ચમચો મોઢામાં નાખ્યો જ હતો, ત્યાં નાની બોલ્યા, "કે માસી અને જોન માસાનું કાર્ડ આવ્યું છે. એમણે પુનર્મિલન માટે પરિવારના અન્ય સદસ્યો આવે એ પહેલા હું ફાર્મ પર પહોંચી જાઉં એવો અનુરોધ કર્યો છે. અને મેં જવાનો નિર્ણય કર્યો છે."

રાતના ભોજનના ટેબલ પર સોપો પડી ગયો. તાન્યા કે એના ભાઈ ટેડ અને જિમને એ યાદ ન હતું કે નાની પરિવાર વગર એકલા ક્યારેય ક્યાંય ગયા હોય.



"શું આપણે બધા પુનર્મિલન માટે ફાર્મ નથી જઈ રહ્યા?" તાન્યાએ પૂછ્યું. જ્યારથી પુનર્મિલનની ખબર પડી હતી, ત્યારથી એ આ કૌટુંબિક પ્રસંગ અને ફાર્મની એની પહેલી યાત્રાની આતુરતાથી રાહ જોઈ રહી હતી.

"હા, તાન્યા, આપણે પણ જઈશું," પાપાએ એને આશ્વસ્ત કરી.

"છોકરાઓનો ફૂટબોલ કેમ્પ પૂરો થતાંજ આપણે બધા સાથે ફાર્મ જઈ શકીશું," માઁ એ પાપા તરફ જોતા સૂચવ્યું.

નાનીએ નિસાસો નાખતા કહ્યું, "હવે આ બધું શું છે? મારી નાની બહેને મને પહેલા આવવાનું કહ્યું છે. મને લાગે છે કે એને મારી સહાયતાની જરૂર છે. જેટલા લોકો આવી રહ્યા છે એના રહેવાનો અને સૂવાનો પ્રબંધ કરવામાં કદાચ એને મારી મદદ જોઈએ છે."

તાન્યાને યાદ આવ્યું કે માઁ અને નાની આપસમાં વાતો કરતા નક્કી કરી રહ્યા હતા કે જે બધી વસ્તુઓ ક્યારેક ઘરનો ... ફાર્મનો ... હિસ્સો હતી, એને એ પરિવારના પુનર્મિલન માટે ફાર્મ પાછી લઈ જવા ચાહતા હતા.

"પણ માઁ," તાન્યાની માઁ એ કહ્યું, "હજી થોડા દિવસો પહેલા તો તમે બીમાર હતા. શું તમને લાગે છે કે આ પ્રવાસ કરવો ઉચિત છે?"

તાન્યાએ જોયું કે નાની હાથ આગળ કરીને માઁ ના હાથને અડયા.

"એ ત્યારની વાત હતી, અને આ આજની વાત છે. હું સ્વસ્થ છું. એટલે હું જઈ શકું છું તો જઈશ," નાનીએ દ્રઢતાથી કહ્યું. "અને જો તને મારી એટલી ચિંતા થતી હોય, તો તું તાન્યાને મારૂ ધ્યાન રાખવા મારી સાથે મોકલી દે."

નાની સાથે યાત્રા! ફક્ત એ બંને. તાન્યાને એના કાનો પર વિશ્વાસ ન થયો.

"શું હું નાની સાથે જાઉં?" એણે ઉત્તેજિત થઈને માઁ ને પૂછ્યું.

માઁ એ તાન્યાને જોઈ, પછી પાપાને અને પછી નાનીને.

"ટેડ અને જિમ ફૂટબોલ કેમ્પ જઈ રહ્યા છે," પાપાએ પ્રેમથી માઁ ને યાદ કરાવ્યું. "અને આપણે પણ થોડા સમયમાં એમની સાથે જોડાઇશું."

નાનીએ એના એપ્રનના ખિસ્સામાંથી એક પત્ર કાઢ્યો. "મને લાગે છે કે કે માસીએ લખ્યું હતું કે એના થોડા પૌત્રો પહેલા જ પહોંચી જશે. તો તાન્યા સાથે રમવા માટે થોડા બાળકો ત્યાં હશે."

માઁ એ નાનીને જોયા, પછી પાપાને અને પછી તાન્યાને. "ઠીક છે," આખરે એ માની ગયા. "તું નાની સાથે જઈ શકે છે."

ટેડ અને જિમના આશ્ચર્યચકિત ચહેરાને જોઈને તાન્યા એની પ્રસન્નતા છુપાવી ન શકી.

"એ જૂના ફાર્મ પર અમે ઘણા અદ્ભૂત દિવસો વિતાવ્યા હતા," નાનીએ પ્રસન્નતાથી કહ્યું. "અને તાન્યા પણ વિતાવશે. તમે જોજો."





સૂરજ આકાશમાં ધીરે-ધીરે ઉગી રહ્યો હતો, અને તાન્યાએ એની પરિચિત જગ્યાઓને અદ્રશ્ય થઈ જતાં જોઈ. સ્કૂલ પાછળ રહી ગઈ, પછી પાર્ક. ઘરોની કતાર અને વાહનોની આવ-જા નું નિયંત્રણ કરતી લાઈટો પણ પાછળ છૂટી ગઈ.

અને એ પ્રવાસ કરતા રહ્યા. એ ફક્ત બસ બદલવા માટે રોકાયા. નાની એની 'પોતાને ઘરે પાછા ફરવાની' વાતો કરી રહ્યા હતા, વર્જિનિયાના મહાન પ્રદેશમાં, જ્યાં 'સંયુક્ત રાજ્ય અમેરિકાના પહેલા પાંચ રાષ્ટ્રપતિમાંથી ચાર નો જન્મ થયો હતો.' તાન્યા ચુપચાપ એની વાતો સાંભળતી રહી.

અને એ પ્રવાસ કરતા રહ્યા, જ્યાં સુધી ઉજળું પ્રકાશમય આકાશ વાદળિયું અને રાખોડી થઈ ગયું, અને ધોરી માર્ગ ક્યારેય સમાપ્ત ન થાય એવી કાચી સડકમાં બદલાઈ ગયો. એ કાચી સડક ખેતરો અને વૃક્ષોની વચ્ચેથી નીકળીને નીચે ઘાટીઓમાં લુપ્ત થઈ જતી લાગતી હતી. તાન્યા માટે આંખો ખુલી રાખવાનું મુશ્કેલ થઈ રહ્યું હતું.

અને તો પણ એ યાત્રા કરતા રહ્યા... ત્યાં સુધી કે જ્યારે આખરે બસ ધીમી થઈને ઉભી ન રહી.

નાનીએ તાન્યાને ધીમેથી હલાવી, "આપણે પહોંચી ગયા, તાન્યા, ઉઠી જા." તાન્યા આંખો ચોળતી ઊંઘમાંથી જાગી. "આપણે ઘરે પહોંચી ગયા."

બસના છેલ્લા પગથિયાં પર ઊભીને તાન્યાએ એક ગાડી જોઈ જે ધૂળ ઉડાડતી એમના તરફ આવી રહી હતી. દૂર એક ફાર્મહાઉસ અને કોઠાર દેખાતા હતા.

"હું છેલ્લા આઠ...નવ કલાકથી બસમાં બેઠી હતી," નાનીએ જોન માસાને કહ્યું, જે એને લેવા આવ્યા હતા. "મને લાગે છે કે હું મારા વૃદ્ધ શરીરના અવયવોને બાકીનો રસ્તો ચાલીને જ લઈ જવા દઈશ."

તાન્યાએ નાનીને એ પરિચિત રસ્તા પર ધીમે પણ દ્રઢતાથી ચાલતા જોયા.

"સ્મૃતિઓ એટલી જલ્દી ભુંસાતી નથી," જોન માસાએ ધીમેથી તાન્યાને કહ્યું.



તાન્યાને સમજાયું નહીં કે જોન માસા શું કહેવા માંગતા હતા. એ તો બસ એટલું જાણતી હતી કે જો નાની ચાલીને જવાના હતા તો એને પણ ચાલીને જવું પડશે. અને એ દોડીને નાની પાસે આવી ગઈ.

"ધ્યાન રાખજે, વ્હાલી," નાનીએ કહ્યું. "અહીં ઓગસ્ટનું હવામાન દોડવા કરતા આરામથી ચાલવા માટે યોગ્ય છે."

તાન્યાએ જોયું કે નાની અન્યમનસ્ક ભાવથી ક્યાંક દૂર જોઈ રહ્યા હતા. પણ જે કંઈ તાન્યાએ ત્યાં જોયું એ બધું એવું ન હતું જે એણે પુસ્તકો અને પત્રિકાઓના ચિત્રોમાં જોયું હતું, અથવા જે કલ્પના એણે એના મનમાં કરી રાખી હતી.

ત્યાં કોઈ ઘોડો દેખાતો ન હતો અને ફાર્મહાઉસ એના મૌલિક રૂપની એક ધૂંધળી સ્મૃતિ માત્ર હતું. તાન્યાએ જોયું કે એના પગની ઘૂંટી પાસે ધૂળ ઉડી રહી હતી, જેનાથી એના સફેદ મોજા અને બૂટ મેલા ભૂરા રંગના થઈ ગયા હતા.

"તારા હૃદયના દ્વાર ખોલી નાખ," નાનીએ કહ્યું. "શું તને નથી લાગતું કે આ જગ્યા આપણું સ્વાગત કરી રહી છે?"

તાન્યા એવું કંઈ પણ અનુભવ કરી રહી ન હતી, એ તો બહુ નિરાશ અને થાકેલી હતી. ફાર્મ એની અપેક્ષા પ્રમાણે ન હતું. ના, એણે અપેક્ષા કરી હતી એવું જરાય ન હતું.

એક કૂતરાના ભસવાનો અવાજ સાંભળીને તાન્યા ફરી ફાર્મહાઉસ ને જોવા લાગી. એક મોટો કૂતરો સાથે લઈને, નાનીની નાની બહેન, કે, દ્વારમંડપથી નીચે ઉતરીને આવી.

"હું તમને ચાલીને આવતા જોઈ રહી હતી, રોઝ બુકાનન," કે માસીએ કહ્યું અને નાનીને આલિંગન આપ્યું.

"હા, ઉનાળાના આવા દિવસોમાં લાગતું હતું કે સમય જાણે થંભી ગયો છે," નાનીએ માસીની વાત પૂરી કરતાં કહ્યું.

કે માસી તાન્યા તરફ ફર્યા અને બહુ ઉત્સાહ અને પ્રેમથી એને આલિંગન આપ્યું, એવીજ રીતે જેમ નાનીને આપ્યું હતું.



અચાનક ગ્રીષ્મકાલીન હવા ચાલવા લાગી અને આકાશમાં વિખરાયેલા વાદળાં ભેગા થઈ ગયા. તાન્યાએ એના શરીર પર વરસાદના ટીપાંનો અનુભવ કર્યો.

"આકાશમાં વાદળાં ઘેરાયેલા છે," જોન માસાએ કહ્યું, અને એ જલ્દીથી મહિલાઓને દ્વારમંડપમાંથી ઘરની અંદર લઈ ગયા. "મને લાગે છે કે આખરે વરસાદ આવશે જ!"

હસતા, વાતો કરતા મોટેરાં તાન્યાને એની સાથે ઘરની અંદર લઈ ગયા. રસોડામાં તાન્યા એની પિતરાઈ બહેન સેલેસ્ટ અને એના બાળકો, નાના એડમ અને સાત વર્ષની કિશાને મળી. રસોડું અવનવી સુગંધોથી મહેકી રહ્યું હતું અને તાન્યાના મોઢામાં પાણી આવ્યું - ત્યાં એણે રસોડાના ટેબલ પર લટકતી માખીઓ માટેની પટ્ટી જોઈ.



જયારે તાન્યા સૂવા માટે એના પલંગમાં ગઈ, તો એ બહુ નિરાશ હતી. જ્યાં સુધી જોન માસાએ ઉપર લટકતી માખીની પટ્ટી હટાવી લીધી નહીં, ત્યાં સુધી એણે ખાવાને હાથ પણ લગાવ્યો ન હતો. એને એનો પોતાનો રૂમ યાદ આવી રહ્યો હતો. એને મામા-પાપા અને ટેડ અને જિમની ગેરહાજરી સાલવી રહી હતી. કિશા અને નાનો એડમ સારા હતા. પણ સાથે રમવા માટે એડમ બહુ નાનો હતો અને કિશાએ આખી રાત એની માઁ થી દૂર રહેવા માટે મનાઈ કરી દીધી હતી.

બાળકોને સૂવડાવવા માટે નાનીએ કે માસીની મદદ લીધી. "એ અદ્ભૂત દિવસોનું શું થયું જે આપણે અહીં વિતાવવાના હતા, નાની," તાન્યાએ હળવે રહીને પૂછ્યું.

"મને તો લાગે છે કે આપણો પહેલો દિવસ જ અદ્ભૂત હતો," નાનીએ કહ્યું. "અહીં વરસાદની જરૂર હતી અને આખરે વરસાદ આવ્યો. આ વાતથી આજનો દિવસ અદ્ભૂત થઈ ગયો, શું તને એવું નથી લાગતું?"

તાન્યાએ નિસાસો નાખ્યો. "મારે ઘરે જવું છે," એ ઓશીકામાં માથું ઘાલીને ધીમેથી બોલી.

ફૂકડું-ફૂ! ફૂકડાની સવારની બાંગથી કિશા ઘેરી ઊંઘમાંથી ચોંકીને જાગી ગઈ. એ રડવા લાગી અને ત્યાં સુધી રડતી રહી જ્યાં સુધી એની માઁ નાના શિશુ સાથે એને એના રૂમમાં ન લઈ ગઈ.

બારી પાસેના એના પલંગમાંથી તાન્યાએ ખાલી ફાર્મને નિહાળ્યું. આકાશ રાખોડી હતું, પણ હવા સ્વચ્છ અને નિર્મળ હતી અને શાંત પવન બારીમાંથી આવી રહ્યો હતો. શનિવારનો દિવસ હતો. ફૂકીઝ બનાવવાનો દિવસ, ફરી ઊંઘમાં સરી જતા પહેલા તાન્યાને યાદ આવ્યું.

વરસાદનું એક ટીપું તાન્યાના ચહેરા પર પડયું...પછી બીજું...અને પછી ત્રીજું, અને એણે ઊંઘમાંથી ઉઠીને બારી બંધ કરી. એ તૈયાર થઈ ગઈ ત્યાં સુધીમાં વરસાદ એટલો મુશળધાર વરસવા લાગ્યો કે એવું લાગતું હતું જાણે છત પર ઢોલ-નગારા વાગી રહ્યા હતા.

જલ્દીથી નીચે આવતા તાન્યા એ રૂમમાં અટકી ગઈ જે માસીએ બેઠકખંડ કહ્યો હતો. એ ખંડમાં પરિવારની ઘણી સ્મૃતિઓ સજાવીને રાખવામાં આવી હતી. અલગ-અલગ રંગ અને બનાવટની રજાઈઓ - એમાં નાનીની રજાઈ પણ હતી - સોફા પર બિછાવવામાં આવી હતી અથવા દીવાલો પર લટકાવવામાં આવી હતી. ભરતગૂંથણવાળા ટેબલકલોથ અને નેપકીન, ગાઉન અને બાળકોના ધાબળા, એક ઝૂલણખુરશી અને શિશુનું પારણું પણ ત્યાં હતા. વિવિધ વાસણો અને તવા, લુહારકામ અને બાગકામના સાધનો, મીણબત્તીના ઢાંચા અને થોડા રમકડાં પણ હતા. એક એવું ઝાડુ પણ હતું જેની ઉપરથી ગુલામીના સમયમાં નવવિવાહિત દંપતી કૂદતી હતી. દરેક વસ્તુ ઉપર સ્પષ્ટ અને સરસ રીતે નામ લખીને એના માલિકે એક ચબરખી ચોંટાડી હતી.



"આહ! ઉત્તરથી આવેલી મારી ભત્રીજી અહીં છે. નાસ્તા માટે તૈયાર છે?" જોન માસાએ પૂછ્યું.

"હા! તૈયાર છું!" તાન્યાએ દરવાજામાંથી પાછા ફરતા કહ્યું.

નાસ્તાના સમયે પણ વરસાદ પડતો રહ્યો. સેલેસ્ટ સાથે સોગઠાંની રમત રમતી વખતે પણ વરસાદ વરસી રહ્યો હતો. જોન માસા અને કિશા સાથે ડોમિનોઝ રમતી વખતે પણ વરસાદ પડી રહ્યો હતો. એડમના રડવાના અને સંતાકૂકડી રમતા -રમતા જ્યારે તાન્યાએ પોતાને સારી રીતે છુપાવી લીધી ત્યારે કિશાના ખીજનાં ઉભરા સમયે પણ વરસાદ પડી રહ્યો હતો.

"નાની," તાન્યાએ આખરે સાદ પાડયો. "નાની, તમે ક્યાં છો?"

"અહીં અંદર," નાનીએ ઉત્તર આપ્યો.

તાન્યાને નાની રસોડામાં મળ્યા. કે માસી અને સેલેસ્ટ પણ ત્યાં હતા. એ ડબ્બાઓથી ઘેરાયેલા હતા. એમની પાસે યાદી હતી કે સૂવાની જગ્યા કોની ક્યાં હશે અને પરિવારના પુનર્મિલન વખતે કોણ શું રાંધશે.

"નાની, શું આજે આપણે કૂકીઝ નહીં બનાવીયે?" તાન્યાએ પૂછ્યું.

નાનીએ યાદી પરથી દ્રષ્ટિ હટાવીને એની સામે જોયું. "અરે, અરે," એ બબડયા.



તાન્યાએ નિરાશાથી નિસાસો નાખ્યો. નાનીએ એની પૌત્રીના ખભે હાથ મૂક્યો અને એને પાછળના દરવાજેથી બહાર લઈ ગયા. વરસાદ એકધારો વરસી રહ્યો હતો અને એવું લાગી રહ્યું હતું કે દ્વારમંડપ અને કોઠાર વચ્ચે પાણીનો એક પડદો લટકી રહ્યો હતો.

નાનીએ હીંચકા પર બેસીને બાજુની જગ્યા પર હાથ થપથપાવીને સંકેત કર્યો. તાન્યા નાનીની ભુજાની નીચે પરિચિત સ્થળ પર બેસી ગઈ.

"મને માફ કરજે, વ્હાલી તાન્યા. હું ભૂલી જ ગઈ હતી કે આજે કયો દિવસ છે." નાનીએ ઊંડો શ્વાસ લીધો અને હસી પડયા. "અને મને લાગે છે કે આ જગ્યાને મારી દ્રષ્ટિથી જોવા માટે અહીંની અગણિત વાર્તાઓ પણ તને પ્રોત્સાહિત નહીં કરી શકે."

"શું અહીં રહેવું તમને સાચે જ ગમતું હતું, નાની?" તાન્યાએ પૂછ્યું. "શું અહીં તમને ક્યારેય એકલવાયું નહોતું લાગતું?"

નાની ફરી હસ્યા. "નહીં, તાન્યા, અહીં હું ક્યારેય એકલી ન હતી. એ દિવસોમાં, આ આખું ફાર્મ, કોઠાર, ચરાણ, ખેતરો, અને દૂરના બગીચા"- એણે એની ભુજા ફેલાવી-"આ બધી જગ્યા પ્રવૃત્તિથી ભરપૂર હતી. અમે ધરતીના હતા અને ધરતી અમારી હતી. અમે એના પર કામ કરતા હતા, એને ખેડતા હતા અને બીજ વાવતા હતા, પાક તૈયાર થવા પર એની લણણી કરતા હતા. ધરતી અમને પાણી, અનાજ, કપડાં અને આશ્રય આપતી હતી."

"નાની, જો તમને અહીં એકલવાયું લાગતું ન હતું, તો તમે આ જગ્યા છોડી કેમ?" તાન્યાએ એની વાત પકડી રાખી.

નાની જમીનને દૂર સુધી જોતા યાદ કરવા લાગ્યા. "બીજા વિશ્વયુદ્ધ પછીની વાત છે. મારો ઇસાક - તારા નાના ફ્રેન્કલીન - અને બીજા ઘણા લોકોને લાગ્યું કે ઉત્તરના નગરોમાં એને વધારે સારી તક મળી શકતી હતી, સારી નોકરીઓ મળી શકતી હતી. અને અમને સારી તક મળી. પણ અમે જમીનને અમારી પાસે જ રાખી અને એનો કર ભરતા રહ્યા. ક્યારેક ખેતી કરવા માટે અમે આ જમીન ભાડા પર આપી દેતા હતા, જ્યાં સુધી જોન અને કે અહીં પાછા ન આવી ગયા. પણ આ ફાર્મ સદા અમારું ઘર રહેશે."

તાન્યા અને નાની, વરસાદમાં ભીંજાયેલી જમીનને જોતા, ધીમે-ધીમે હીંચકા ખાતા રહ્યા.

"નાની, જયારે તમે દૂર જુઓ છો - ત્યાં બહુ દૂર, તો તમને શું દેખાય છે?"

નાનીની આંખો ચમકવા લાગી. "હું તારા માસા અને માસીઓ, અને તારા પિતરાઈ ભાઈ-બહેનોને જોઈ રહી છું જે આ ફાર્મ પર રહેતા હતા. હું મારા પિતાના પિતા અને એની ઇન્ડિયન પત્નીને જોઈ રહી છું. ઘણા વર્ષો પહેલા એણે આ ફાર્મ બનાવ્યું હતું."



"અને શું તમે નાનાને જોઈ શકો છો?" તાન્યાએ ધીરેથી પૂછ્યું.

"અરે હા, તાન્યા. તારા નાના હંમેશા મારી સાથે હોય છે. પણ આ ફાર્મ પર તો એ 'ઘણા નિકટ' હોય છે," નાનીએ કહ્યું.

એકધારો પડતો વરસાદ ધીરે-ધીરે ધીમો પડવા લાગ્યો. નાનીએ તાન્યાનો ખભો ધીમેથી દબાવ્યો. "હવે તું, કિશા અને એડમ આ ફાર્મના ભાગ છો, બાળકી," એમણે કહ્યું. પરિવારોના આટલા મોટા સમારોહ તૈયારી અને યોજના વગર આયોજિત ન થઈ શકે. દરેક વ્યક્તિ યોગદાન આપે છે અને સમારોહને સફળ બનાવવાનો પૂરો પ્રયાસ કરે છે."

જયારે નાની અને તાન્યા રસોડામાં પાછા ફર્યા, ત્યારે ત્યાં હોબાળો મચેલો હતો. એડમ જોર-જોરથી રડી રહ્યો હતો. ફોનની ઘંટડી વાગી રહી હતી અને દરવાજા પર સામાન લઈને આવેલો એક માણસ ઉભો હતો. કે માસી એની હેન્ડબેગ શોધી રહ્યા હતા.

નાની હસ્યા. "લાગે છે અહીં આપણી જરૂર છે."

સેલેસ્ટે એડમને લઈ લીધો અને નાની દરવાજા પર ઉભેલી વ્યક્તિ પાસેથી સામાન લેવા લાગ્યા. તાન્યાએ ફોન પર જવાબ આપ્યો અને કિશાની મદદથી બાળોતિયાનું ખોવાયેલું બોક્સ શોધી કાઢ્યું. જયારે કે માસી એની હેન્ડબેગ સાથે પાછા આવ્યા, ત્યારે બધું શાંત થઈ ગયું હતું.

"કે માસી, શું કિશા અને હું જોન માસાને મળવા તબેલામાં જઈ શકીયે?" તાન્યાએ પૂછ્યું.

"મને વિશ્વાસ છે કે એને તમારો સંગ સારો લાગશે," કે માસીએ કહ્યું. "બસ, જતા પહેલા આ જૂના બૂટ પહેરી લેજો."

તાન્યા અને કિશાએ બૂટ પહેર્યા અને તબેલા તરફ ચાલવા લાગી. છોકરીઓએ જોન માસાને ગાયોને દોહતા જોયા. પછી જોન માસાની અનુમતિથી એમણે મરઘીઓનો ચારો જમીન પર વેર્યો. મરઘીઓ જયારે ચણી રહી હતી ત્યારે એણે અને કિશાએ ઈંડા ભેગા કર્યા. પછી છોકરીઓ તબેલામાં શોધખોળ કરવા લાગી, અને જયારે એ થાકી ગઈ તો આરામ કરવા માટે ઘાસ રાખવાના માળીયા પર ચઢી ગઈ.

જયારે ત્રણેય જણા તબેલામાંથી પાછા ફર્યા ત્યારે સૂરજ ચમકતો હતો અને ગરમ હતો. "અહીંનું હવામાન બહુ અનોખું છે," જોન માસાએ કહ્યું.

"જોન!" નાનીએ બારીમાંથી બૂમ પાડી. "અમારે થોડા સફરજન જોઈએ છે."

જોન માસાએ છોકરીઓને એક-એક ટોકરી આપી અને ફળની વાડી તરફ ઈશારો કર્યો.



"દોડ લગાવ!" કિશાએ બૂમ પાડી અને દોડી પડી.

કિશા બાગમાં પહેલા પહોંચી. તાન્યા બહુ પાછળ ન હતી, ત્યાં એણે જમીન પર પડેલી કોઈ વસ્તુ જોઈ. એણે એ વસ્તુ ઉપાડી લીધી, સાફ કરી અને એની ટોકરીમાં નીચે રાખી દીધી અને સફરજન તોડવા લાગી.



દિવસ વીત્યો, સાંજ પડવા લાગી, અને પરિવારના બધા સદસ્યો રાતના ભોજન માટે બેસી ગયા. જમ્યા પછી મિષ્ઠાન્નમાં ઘરમાં બનાવેલી સફરજનની પાઈ હતી જેના પર ઘરના બનેલા આઈસક્રીમનું સ્તર હતું. તાન્યાએ કિશાને શીખવાડયું હતું કે પોપડી બનાવવા માટે કણકને કેવી રીતે બાંધવામાં આવે છે.

પાઈનો છેલ્લો કોળિયો ખાધા પછી તાન્યાએ એ વસ્તુ બધાને દેખાડી જે એને બપોરે મળી હતી: એ એ વાડનો ટૂકડો હતો જે ક્યારેક બાગ અને ખેતરને અલગ કરતી હતી. એ લાકડાના ટૂકડા પર આ અક્ષર કોતરેલા હતા:

આર. બી.

+

આઈ. એફ.

રોઝ બુકાનન અને ઇસાક ફ્રેન્કલીન.

"આ તમારો ઇતિહાસ છે, છે ને નાની? તમારો અને નાનાજી નો."

"અરે હા, મારી દીકરી. તારા નાના અને મારી એક વિશેષ સ્મૃતિ," નાનીએ પ્રસન્નતાથી હસતા કહ્યું. "બધા એને જોઈ શકે એટલે આપણે એને દીવાનખંડમાં રાખી દેશું."

એ રાતે જોન માસાએ બિસ્તરા દ્વારમંડપમાં રાખ્યા જેથી તાન્યા અને કિશા કલ્પના કરી શકે કે બહાર કોઈ શિબિરમાં પડાવ નાખ્યો છે. તાન્યાએ આટલા આગિયા ક્યારેય જોયા ન હતા અને ન તો કંસારીના આટલા અવાજ સાંભળ્યા હતા.

"શું ફાર્મ ક્યારેય શાંત નથી હોતો?" તાન્યાએ નાનીને પૂછ્યું, જે નજીકમાં જ ઝૂલણખુરશીમાં ઝૂલી રહ્યા હતા.

"આ રાતના અવાજો છે, વ્હાલી," ગરમ, ભેજવાળી હવાનો શ્વાસ લેતા નાની બોલ્યા. "એ આપણને જણાવે છે કે બધું સારું છે." અને બધું સારું હતું.



સમાપ્ત